પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 09.07.2026 MORNING: 7.45 TO 7.55
Day: TUESDAY National News

આકાશવાણી સમાચાર કરણ પરમાર વાંચે છે.

*******************************************************

1) ભારત-ઓસ્ટ્રેલિયા સીઈઓ ફોરમ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્રમોદી અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝે બંને દેશોના ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ સાથે સંવાદ કર્યો.

2) પ્રધાનમંત્રી આજે મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સાથે દ્વિપક્ષીય મુદ્દે ચર્ચા કરશે.

3) આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ – IMFનો ચાલુ વર્ષે 7 ટકાના દરે ભારતીય અર્થતંત્રની વૃદ્ધિનો અંદાજ .

4) ભારત અને મ્યાનમાર વચ્ચે દ્વિપક્ષીય સુરક્ષા સહયોગ અંગે 23મી રાષ્ટ્રીય સ્તરની દ્વિપક્ષીય બેઠક યોજાઇ.

5) ભારતના અર્ણવ પાપરકરે વિમ્બલ્ડન જુનિયર્સ 2026 ની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ઇતિહાસ રચ્યો

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM - AUSTRALIA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર અને ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝે ભારત-ઓસ્ટ્રેલિયા સીઈઓ ફોરમ દરમિયાન બંને દેશોના ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ સાથે સંવાદ કર્યો.

પ્રધાનમંત્રી પોતાના સંબોધનમાં કહ્યું, આજે વિશ્વ અનિશ્ચિતતા, પુરવઠા શૃંખલામાં વિક્ષેપો અને ઉર્જા સંકટના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે ભારત અને ઓસ્ટ્રેલિયા માટે વિશ્વસનીય ભાગીદારો તરીકે સાથે આગળ વધવું સ્વાભાવિક અને જરૂરી છે.તેમણે કહ્યું આ સંવાદ નવા વિચારોને આગળ ધપાવશે.

**(બાઈટ – PM)**

પ્રધાનમંત્રી એ બને દેશોમાં રાજ્યોથી રાજ્યો વચ્ચેના સંબંધો મજબૂત બનાવવા ભાર મૂક્યો હતો

(બાઈટ- PM 2 )

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મેલબોર્નમાં ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ સાથે વાતચીત કરશે. બંને નેતાઓ વચ્ચે વેપાર, સંરક્ષણ, મહત્વપૂર્ણ ટેકનોલોજી, શિક્ષણ અને લોકોથી લોકો વચ્ચેના સંબંધોમાં સહયોગ મજબૂત કરવા પર ચર્ચા થવાની અપેક્ષા છે. તેઓ મેલબોર્નમાં એક સમુદાય કાર્યક્રમમાં ભારતીય સમુદાય સાથે પણ વાતચીત કરશે. શ્રી મોદી ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રીના આમંત્રણ પર ઓસ્ટ્રેલિયાની 3 દિવસની મુલાકાતે ગઈકાલે સાંજે મેલબોર્ન પહોંચ્યા હતા. પ્રધાનમંત્રીએ મેલબોર્નમાં ભારતીય સમુદાયનો ઉષ્માભર્યું સ્વાગત કરવા બદલ આભાર માન્યો. પ્રધાનમંત્રીના સ્વાગતમાં સ્થાનિક કલાકારો દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી..

# IMF INDIA GROWTH

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ – IMFના અહેવાલ મુજબ ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકેનું સ્થાન યથાવત રાખી ચાલુ વર્ષે 7 ટકાના દરે વૃદ્ધિ કરશે. IMFના મુખ્ય દ્વિવાર્ષિક અહેવાલ, વર્લ્ડ ઇકોનોમિક આઉટલુક અપડેટમાં, આગામી કેલેન્ડર વર્ષમાં ભારતનું કુલ ઘરેલુ ઉત્પાદન 6.4 ટકા રહેવાનો અંદાજ છે.

અહેવાલમાં જણાવાયું છે કે, ખાનગી વપરાશ અને સેવા ક્ષેત્રની પ્રવૃત્તિમાં મજબૂત ગતિ દ્વારા ભારતીય અર્થતંત્રને ટેકો મળશે.

વિશ્વ અર્થતંત્રના વિકાસ માટે પણ સકારાત્મક અંદાજ રજૂ કરાયો છે. વૈશ્વિક અર્થતંત્ર આવતા વર્ષે 3.4 ટકાના દરે વધવાની શક્યતા છે.અહેવાલમાં ચીન આ વર્ષે 4.6 ટકાના દરે જયારે અમેરિકા આ વર્ષે ૨.3 ટકા અને આવતા વર્ષે ૨.૨ ટકાના દરે વૃદ્ધિ પામે તેવું અનુમાન વ્યકત કરાયું છે.

# PRALHAD JOSHI-STATES

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહલાદ જોશીએ ગઇકાલે નવી દિલ્હીમાં વિવિધ રાજ્યોના મંત્રીઓ અને પ્રતિનિધિઓ સાથે ખાદ્ય સુરક્ષા અંગે ચર્ચા કરી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી જોશીએ જણાવ્યું કે તેઓ કેરલ, કર્ણાટક અને તેલંગાણાના ખાદ્ય બાબતોના મંત્રીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી.

તેમણે કહ્યું કેરલમ દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓની હાલના નીતિ માળખા અનુસાર તપાસ કરવામાં આવશે.

શ્રી જોશીએ કર્ણાટકના ખાદ્ય અને નાગરિક પુરવઠા મંત્રી કે. એચ. મુનિયપ્પા સાથે પાછલા વર્ષની MSP યોજના હેઠળની ગ્રાન્ટ અંગે ચર્ચા કરી.

અગાઉ, શ્રી જોશીએ તેલંગાણાની ડાંગર ખરીદીની જરૂરિયાતો અંગે ચર્ચા કરવા માટે કેન્દ્રીય મંત્રી જી. કિશન રેડ્ડીના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળને મળ્યા હતા.

# FUR. REV. AGRI-KHOPRA MANGOES

કેન્દ્ર સરકારે તમિલનાડુના ખેડૂતો પાસેથી કોપરા અને તોતાપુરી કેરીની ખરીદીને મંજૂરી આપી છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું  કે, આનાથી ખેડૂતોને વધુ સારી કિંમત પ્રાપ્ત થશે અને બજારમાં વધઘટને કારણે વેચાણમાં થતી સમસ્યાથી તેમનું રક્ષણ થશે. રાજય સરકાર દ્વારા રજૂ કરાયેલા પ્રસ્તાવ પર આ મંજૂરી અપાઈ છે. રાજ્યમાં 87 હજાર મેટ્રિક ટનથી વધુ કોપરાની અને 96 હજાર મેટ્રિક ટનથી વધુ તોતાપુરી કેરીની ખરીદી કરાશે. ભાવ સહાય યોજના હેઠળ સમગ્ર ખરીદી લઘુત્તમ ટેકાના ભાવ -MSP પર કરવામાં આવશે. મંજૂર ખરીદીનું કુલ MSP મૂલ્ય એક હજાર કરોડ રૂપિયાથી વધુ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# INDIA-MYANMAR MEET

ભારત અને મ્યાનમાર વચ્ચે દ્વિપક્ષીય સુરક્ષા સહયોગ અંગે 23મી રાષ્ટ્રીય સ્તરની દ્વિપક્ષીય  બેઠક ગઇકાલે નવી દિલ્હીમાં પૂર્ણ થઈ. ગૃહ મંત્રાલયે જણાવ્યું કે બંને દેશોએ આતંકવાદ, બળવાખોરી, માદક દ્રવ્યોની હેરફેર, શસ્ત્રોની દાણચોરી, માનવ તસ્કરી, વન્યજીવનની હેરફેર અને સાયબર ક્રાઈમ સહિત આંતરરાષ્ટ્રીય ગુનાઓ સામે લડવામાં સહયોગ અંગે ચર્ચા કરી. બેઠકમાં બંને દેશો દ્વારા લાંબા સમયથી ચાલતી મિત્રતા અને ગાઢ ભાગીદારી અને બંને દેશોના પરસ્પર લાભ માટે સહયોગને વધુ મજબૂત બનાવવાની સહિયારી પ્રતિબદ્ધતાને સમર્થન આપવામાં આવ્યું.

બેઠકમાં ગૃહ સચિવ ગોવિંદ મોહને ભારતીય પ્રતિનિધિમંડળનું જયારે મ્યાનમારના ગૃહ મંત્રાલયના નાયબમંત્રી મેજર જનરલ મીન થુએ મ્યાનમાર પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું હતું.

# PUNE-DUMP RESCUE

મહારાષ્ટ્રમાં,પુણેના મોશી ખાતે કચરાનો ઢગલો રહેણાંક મકાન પર તૂટી પડ્યાની ઘટનામાં બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અસરગ્રસ્ત મકાનમાં લગભગ 23 લોકો ફસાયા હતા. ઘટના બાદ પાંચ વ્યક્તિઓ જાતે બહાર નીકળવામાં સફળ રહ્યા. ત્યારબાદ, રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ , ભારતીય સેના, ફાયર સર્વિસ, પોલીસ અને અન્ય એજન્સીઓની સંયુક્ત બચાવ ટીમોએ વધુ નવ લોકોને સુરક્ષિત રીતે બચાવ્યા. આ સાથે, અત્યાર સુધીમાં કુલ 14 લોકોને બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે બાકીના ફસાયેલા લોકોને શોધવાની કામગીરી ચાલી રહી છે.

# CSIR UGC NET

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી -NTAએ CSIR UGC NET જૂન 2026 ની પરીક્ષા માટે પરીક્ષા શહેરોની યાદી બહાર પાડી છે. આ પરીક્ષા 17 અને 18 જુલાઈના રોજ યોજાશે.ઉમેદવારો તેમને ફાળવેલ પરીક્ષા શહેર જાણવા સત્તાવાર વેબસાઇટ www.csirnet.nta.nic.in પર લૉગ ઇન કરીને જોઈ શકશે.

# US -IRAN AIRSTRIKES

અમેરિકાએ ઈરાન પર હવાઈ હુમલા ફરી શરૂ કર્યા છે. હોર્મુઝ સામુદ્રધૂનીમાં વાણિજ્યિક જહાજો પર ઇરાનના હુમલા બાદ અમેરિકી સેનાએ ઈરાન પર ગઇકાલે હવાઈ હુમલા કર્યા. રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી કે જો ઈરાન વધુ હુમલા કરશે તો અમેરિકા વધુ મજબૂત લશ્કરી કાર્યવાહી સાથે જવાબ આપશે.

ઈરાની મીડિયાએ ચાબહાર, બંદર અબ્બાસ અને બુશેહર સહિત દક્ષિણ દરિયાકાંઠાના અનેક શહેરોમાં વિસ્ફોટોના અહેવાલ આપ્યા છે. ઈરાનના અધિકારીઓએ જણાવ્યુ કે ઈરાનને હોર્મુઝમાં ટ્રાફિકનું સંચાલન કરવાનો અધિકાર છે અને તે પીછેહઠ નહીં કરે છે.

દરમિયાન ભારતે બંને દેશોને સંઘર્ષના શાંતિપૂર્ણ અને કાયમી ઉકેલ માટે સંવાદ અને રાજદ્વારી માર્ગે પાછા ફરવા અપીલ કરી છે.

# WIMBLEDON JUNIORS - ARNAV PAPARKAR

ભારતના અર્ણવ પાપરકરે વિમ્બલ્ડન જુનિયર્સ 2026 ની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ઇતિહાસ રચ્યો છે.આ સાથે અર્ણવ છેલ્લા 36 વર્ષમાં છોકરાઓની ટેનિસ સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યો.

18 વર્ષીય પાપરકરે પ્રીક્વાર્ટર ફાઇનલમાં જાપાનના રિયો તાબાતાને માત્ર 52 મિનિટમાં 6-2, 6-1 થી હરાવ્યો. તેણે સ્પર્ધામાં અત્યાર સુધી એક પણ સેટ ગુમાવ્યો નથી.અર્પણ ક્વાર્ટર ફાઇનલમાં આજે સાંજે 5 વાગ્યે અમેરિકાના જોર્ડન લીનો સામનો કરવો પડશે.

# CRICKET-T20I-INDIA

પુરુષ ક્રિકેટમાં, ભારત આજે રાત્રે બ્રિસ્ટલમાં કાઉન્ટી ગ્રાઉન્ડ ખાતે પાંચ મેચની શ્રેણીની ચોથી ટી20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઇંગ્લેન્ડ સામે ટકરાશે. મેચ ભારતીય સમય મુજબ રાત્રે 10 વાગ્યે શરૂ થશે.

શ્રેણીમાં 0-2 થી પાછળ હોવાથી ભારતીય ટીમ આ મેચ જીતવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે. અંતિમ મેચ શનિવારે સાઉથમ્પ્ટન ખાતે રમાશે.

યજમાન ઈંગ્લેન્ડે બીજી અને ત્રીજી મેચમાં ભારતને હરાવ્યું હતું. જ્યારે બંને ટીમો વચ્ચેની પહેલી મેચ વરસાદને કારણે કોઈ પરિણામ વિના સમાપ્ત થઈ હતી

# CHESS - 98TH GRANDMASTER

તામિલનાડુના કન્યાકુમારીના 17 વર્ષીય અશ્વથ 2026 પુણે ઇન્ટરનેશનલ ગ્રાન્ડમાસ્ટર સ્પર્ધામાં દેશના 98માં ગ્રાન્ડમાસ્ટર બન્યા.

તેણે 9 રાઉન્ડમાંથી 7 પોઈન્ટ સાથે ટુર્નામેન્ટ પૂર્ણ કરી, જેમાં છ જીત, બે ડ્રો અને એક હાર સાથે બીજું સ્થાન મેળવ્યું હતું.

## આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે  મિત્તલ પટેલ

- આજે મોટાભાગના અખબારોમાં પ્રથમ પાને  ઈરાન અમેરિકા વચ્ચે ફરી શરૂ થયેલ હુમલાના તેમજ સુરત પૂરમાં નુકશાનના સમાચારો વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમચારે લખ્યું-- વિરામથી થાકેલા અમેરિકા –ઈરાન ફરી યુદ્ધે ચઢયા
- સંદેશે લખ્યું- usનો ઈરાન પર અત્યાર સુધીનો ભીષણ  હુમલો
- દિવ્ય ભાસ્કરે પાણીમાં ઘેરાયા સુરતના શ્વાસ: 10 લાખથી વધુ સાડીઓ ,ત્રણ હજાર વાહનો ડૂબ્યાં ,રૂ .800 કરોડથી વધુનું નુકશાન આ સમાચાર તસવીર સાથે છાપ્યા છે.
- સ્થાનિક સમાચારોમાં અમરેલીમાં સિંહ ના હુમલામાં યુવકના મોતના સમાચાર વાંચવા મળી રહ્યા છે.